..............................................................................................

..............................................................................................

..............................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..............................................................................

(૨)........................................ (૩) ........................................

(૪)........................................ (૫) ........................................

(૬)........................................ (૭) ........................................

(૮)........................................ (૯) ........................................

સરનામુ : ..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

પીન ................................ ફોન : (ઘર)............................(ઓ)............................

મોબાઇલ ..............................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૨૫.૦૯.૨૦૧૯ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

**વધારાની વિગત અહીં લખવી**

# સાસ ભી કભી બહુ થી

પલ્લવીબેન જે. મિસ્ત્રી
અમદાવાદ

પલ્લવીબેન, અમારી પૌલુ(પૌલોમી)નું નક્કી કરી દીધું છે. આ રવિવારે સાંજે ૬ કલાકે સગાઇ અને પછી સ્વરૂચી ભોજન રાખ્યું છે. તમે બંને જણ આવી જજો.

ખૂબ ખૂબ અભિનંદન સરલાબેન તમે જેવું શોધતા હતા અને એવું સાસરીયું મળ્યુને પૌલોમીને ?

અરે હા રે પલ્લવીબેન, કુંડળી મેળવીને જ કર્યું છે, તમે માનશો નહિ પણ બંનેના ૩૬ માંથી ૩૨ ગુણાંક મળતા આવે છે.

શું વાત કરો છો, સરલાબેન ? છોકરા-છોકરીના આટલા બધા ગુણાંક મળતા આવે તે તો ઘણી જ સારી વાત કહેવાય. તમને ખબર ની હોય, પલ્લવીબેન. પણ હવે છોકરા -છોકરીની કુંડળી મેળવવાનો રીવાજ રહ્યો નથી. હવે તો સાસુ વહુની કુંડળી મેળવાય છે. પૌલુની કુંડળી એની સાસુની કુંડળી સાથે સરસ મેચ થાય છે, એટલે જ તો ત્યાં નક્કી કર્યું.

સાસુ - વહુની કુંડળી મેળવીને લગ્ન કરવાની સરલાબેનની આ વાત મને ખુબ ગમી. મારા લગ્ન થયા એ વખતે આવો ટ્રેન્ડ નહોતો એનો અફસોસ પણ થયો. ખેર ! Late is always better then never. સમાજમાં સુધારો મોડો મોડો થાય તો પણ આવકાર્ય તો છે જ.

મારા સાસુએ એક વખત મારી તરફ એમની બંધ મુઠ્ઠી બતાવતા કહ્યું. ' લે પલ્લવી, આ બદામ ખા, મને થયું કે સાસુજીએ આપેલી કોઇ સુચનાનું પાલન કરવાની હું ભુલી ગઇ હોઇશ, એટલે જ તેઓ મને બદામ ખાવાનું (બદામ ખાઇને યાદશકિત વધારવાનું) કહે છે. હું એ સુચના શું હશે તે યાદ કરવા મથી રહી હતી ત્યાંજ એમણે એમની મુઠ્ઠીમાંની ચીજ મારા હાથમાં થમાવી દીધી. આતો ખારી શીંગ છે, બદામ કયાં છે ? ખાવાની એ ચીજ જોઇને મેં કહ્યું 'એક વાત સમજી લે, શીંગને પણ જો બદામ સમજીને ખાઇએ તો બદામ જેવી જ મઝા આવે.

તમને ગમશે આ વાત અત્યારે અહીં કહેવાનો મતલબ શું છે ? તો તમને કહું કે એનો મતલબ છે. તમે આગળ વાંચશો એટલે તમને મારી વાત સમજાઇ જશે. લગ્નની પહેલી જ રાત્રે માતૃભકત એવા પતિને પોતાની નવોઢા પત્નીને કહ્યું. 'તુ મારી મમ્મીને તારી જ મમ્મી સમજીને એમની સાથે એવો વ્યવહાર કરજે કે જેવો તારી મમ્મી સાથે કરે છે.

ભલે પત્નીએ જરાય વિરોધ કર્યા વિના સહજતાથી આ વાત સ્વીકારી લીધી એટલે પતિ ખૂબ ખુશ થયો. સવારે પત્નીએ બેડરૂમમાંથી સુતા સુતા જ બુમ પાડીને કહ્યું 'મમ્મીજી મારા માટે આદુ ફુદીનાવાળી દોઢ કપ ચા અને બે મસાલા પરોઠા બનાવજો અને થઇ જાય એટલે મને ઉઠાડજો.

આમ સમજ સમજમાં સમજ ફેર ન થાય તે ખાસ જોતુ રહેવું પડે. એટલે મારું તો માનવું છે કે સાસુને સાસુ જ અને વહુને વહુ જ રહેવા દેવી જોઇએ. સાસુ-વહુ ને મા-દીકરી બનાવવાનો વ્યર્થ પ્રયત્ન ન કરવો જોઇએ. કુછ રિશ્તે અપને આપમેં હી ખૂબ સુરત હોતે હૈ.

જયોતિષવિદ્યા કે કુંડળીમાં માનવું ન માનવું એ દરેક વ્યકિતની પોતાની માન્યતા અને એના ઉછેર પર આધાર રાખે છે. કયારેક એ સાચું પડે પણ ખરું અને કયારેક એ સાચું ન પણ પડે.

એક વહુએ જયોતિષને પોતાનો હાથ બતાવીને પુછયું. મારે મારી સાસુનો ત્રાસ હજી કેટલો સમય સહન કરવાનો છે ? જયોતિષીએ ધ્યાનથી એનો હાથ જોઇને કહ્યું, બસ હવે માત્ર છ જ મહિના તમને સાસુનો ત્રાસ છે. વહુ તો ખુશ થઇને ઘરે ગઇ. પછી તો સાસુ પણવાકુંચુકું કહે કે કરે તોએ એમ સમજીને ચૂપ રહે કે હવે આ બધુ છ જ મહિના છે ને ? વહુનું સાસુ તરફનું વલણ બદલાઇને સારું થઇ ગયું. તો સામે સાસુએ પણ વહુનુ સારું વર્તન જોઇને પોતાનું વલણ સુધારી નાંખ્યું. તમે પૂછશો પછી સાસુ છ મહિનામાં મરી ગયા કે નહિં ? તેની તો મને પણ ખબર નથી. પણ આ રીતે જયોતિષીના લીધે સાસુ-વહુ વચ્ચે સહિયરપણું થાય તો એમાં ખોટું શું છે, ખરું કે નહિ ?

હું જયોતિષવિદ્યામાં માનું છું. અને લગભગ રોજ રાશી-ભવિષ્ય વાંચું છું. જે રાશીનું ભવિષ્ય સારામાં સારું હોય, એ દિવસ પુરતી હું મારી રાશિ એ રાખી લઉં છું. આમ રોજ મારી રાશિ બદલાયા કરે છે, પણ એને લીધે મારા બધા દિવસ સરસ જાય છે. જયોતિષ જાણનારી મારી ફ્રેન્ડ હર્ષા મારા આ વલણને અતાર્કિક કહીને એનો વિરોધ કરે છે. પણ હું એનો વિરોધ લક્ષમાં લેતી નથી. એટલે અમારી દોસ્તી ટકી રહે છે. હર્ષાનુ કહેવું છે કે છોકરીઓની કુંડળીમાં સાતમું સ્થાન પતિનું સ્થાન છે. જો આ સ્થાનમાં રાહુ કેતુ શનિ મંગળ જેવા અમંગળ ગ્રહો બિરાજમાન હોય તો સાસુ વહુને હેરાન પરેશાન કરી મુકે છે. મારું માનવું છે કે કોઇ ગ્રહ કોઇ

અનુસંધાન પાનાનં. ૧૦ પર

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# સામાન્ય સભા

## એજન્ડા

પ્રતિશ્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૧૮.૦૮.૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સુરત મુકામે રાખવામાં આવી છે. જેમાં હાજર રહી કાર્યવાહીને અસરકારક બનાવવા આગ્રહ ભરી વિનંતી છે.

૧ મિટિંગ કોલ બાય ઓર્ડર પ્રમુખશ્રી

૨ તા. ૨૭.૦૮.૨૦૧૮ના રોજ અંકલેશ્વર મુકામે મળેલ સામાન્ય સભાની મિનિટસની નોંધ લેવા અને બહાલી આપવા બાબત-મંત્રીશ્રી

૩ ખાસ સામાન્ય સભા તા. (૨૫.૦૮.૨૦૧૦)ના ઠરાવની નોંધ લેવા બાબત.

૪ વર્ષ દરમ્યાન મળેલ કારોબારી તથા કાર્યવાહીની ટુંક માહિતી - મહામંત્રીશ્રી

૫ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા સંલગ્ન સંસ્થાના વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબોની મંજુરી આપવા બાબત-ખજાનચી

૬ ઇન્કમ ટેકસનું ૧૨-એ સર્ટીફિકેટ મેળવવા બાબત-શ્રી કિરણભાઇ પંચોલી-મુંબઇ

૭ અંકલેશ્વર એકમ આયોજિત આકાંક્ષા-૩ બાબતે નોંધ લેવા

૮ ટ્રસ્ટી અંગે ફેરફાર રીપોર્ટ ચેરીટી કમીશનરમાં રજુ કરવા બાબત

૯ હોદ્દેદારોની વરણી બાબત. ૨૦૧૯-૨૦૨૧

૧૦ પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામો

૧૧ વોટસ ઓફ થેંકસ-ઉપપ્રમુખશ્રી

**સ્થળ :**
દિવાળીબાગ કોમ્યુનીટી હોલ,
સૂર્યપુર સોસાયટી પાસે,
અડાજણ-રાંદેર રોડ, અડાજણ સુરત

શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી
મહામંત્રી-શ્રી પં.સે.સ. મહામંડળ
૩૩ દેવદીપ સો. પાર્લે પોઇન્ટ,
સુરત-૩૯૫૦૦૭ મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

નોંધ : (૧) આપના એકમમાંથી સભ્ય સંખ્યાના દર પાંચ સભ્યો દીઠ ૧ સભ્ય હાજર રહી શકશે.
(૨) આપના એકમાંથી કેટલા વ્યકિત હાજર રહેનાર છે તે મહામંત્રીને તા. ૧૫.૦૮.૨૦૧૯ પહેલા અવશ્ય જણાવવું જેથી વયવસ્થાની સુગમતા રહે...

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# ખાસ સામાન્ય સભા
## એજન્ડા

પ્રતિશ્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૧૮.૦૮.૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૦૯.૩૦ કલાકે સુરત મુકામે રાખવામાં આવી છે. જેમાં હાજર રહી કાર્યવાહીને અસરકારક બનાવવા આગ્રહ ભરી વિનંતી છે.

૧ મિટિંગ કોલ બાય ઓર્ડર પ્રમુખશ્રી

૨ નેશનલ એન્થમ

૩ સમાજના દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવા

૪ કારોબારી દ્વારા મંજુર મહામંડળના બંધારણને મંજુરી આપવા બાબત

૫ વોટસ ઓફ થેંક્સ-ઉપપ્રમુખશ્રી

**સ્થળ :**
દિવાળીબાગ કોમ્યુનીટી હોલ,
સૂર્યપુર સોસાયટી પાસે,
અડાજણ-રાંદેર રોડ, અડાજણ સુરત

શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી
મહામંત્રી-શ્રી પં.સે.સ. મહામંડળ
૩૩ દેવદીપ સો. પાર્લે પોઈન્ટ,
સુરત-૩૯૫૦૦૭ મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

નોંધ : (૧) મહામંડળના બંધારણની ડ્રાફ્ટ કોપી નવયુગ(જુન-૨૦૧૯)માં પ્રકાશિત કરવામાં આવેલ છે.
(૨) આપના એકમમાંથી સભ્ય સંખ્યાના દર પાંચ સભ્યો દીઠ ૧ સભ્ય હાજર રહી શકશે.
(૩) આપના એકમાંથી કેટલા વ્યકિત હાજર રહેનાર છે તે મહામંત્રીને તા. ૧૫.૦૮.૨૦૧૯ પહેલા અવશ્ય જણાવવું જેથી વયવસ્થાની સુગમતા રહે...

## હેપી બર્થડે...



ચિ. વિગ્નેશ હિતેશભાઈ
પંચોલી-ભરૂચ
૨૩-૮-૧૯૧૧



સુસ્માબેન હિતેશભાઈ
પંચોલી-ભરૂચ
૨૭-૮-૧૯૮૨



કહાન જયમીન
પંચોલી-વડોદરા
૦૧-૦૮-૨૦૧૬

રૂા. ૩૦૦/- શ્રી હિતેશભાઈ પંચોલી તરફથી વિગ્નેશ અને સુસ્માબેનની વર્ષગાઠ નિમિત્તે

### શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઈ

## સામાન્ય સભા-અહેવાલ

શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઈની વાર્ષિક સામાન્ય સભા તા. ૦૭.૦૭.૨૦૧૯ના રોજ રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે સ્વ. ઈલાબેન તથા સ્વ. વિરમતીબેન જમનાદાસ પંચોલી હોલમાં મળી હતી. જેમાં વ્યારા, ઉનાઇ, સુરત, ગણદેવી, પંચોલ, બુહારી, રાજપીપલા તથા પાવી જેતપુરના સભ્યોએ હાજરી આપી હતી. સભાની શરૂઆત કરતા પ્રમુખશ્રી સુમનભાઇ એમ. મિસ્ત્રીએ હાજર રહેલ સૌ જ્ઞાતિજનોને આવકાર્યા તથા મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી, મહામંત્રી નિશીકાંતભાઇ મિસ્ત્રી અને માજી પ્રમુખ મનિષભાઇ પંચોલીનું પુષ્પગુચ્છ થી સ્વાગત કર્યુ.

ત્યારબાદ એજન્ડા મુજબની કામગીરીની શરૂઆત કરતા વર્ષ દરમ્યાન દિવંગત થયેલ જ્ઞાતિજનોના આત્માઓની શાંતિ અર્થે સભાએ બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપી.

સહમંત્રીશ્રી હર્ષવદનભાઇ મિસ્ત્રીએ ગત અંકલેશ્વર મુકામે તા. ૦૨.૦૯.૨૦૧૮ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ ન. ૧ થી જનું વાંચન કર્યુ. જેને સભાએ સર્વાનુમતે બહાલી આપી.

મંત્રીશ્રી ભરતભાઇ પંચોલીએ સને ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો સભા સમક્ષ રજુ કર્યા. વર્ષ દરમ્યાનની આવક અને જાવકના ખર્ચની વિગતવાર માહિતી સભા સમક્ષ આપી જેને સભાએ સર્વાનુતે બહાલી આપી અને પાનકાર્ડ મેળવવા તથા બેંકના ખાતા માટે જરૂરી ધર્મશાળાનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી હોય બંધારણ સભા સમક્ષ વાંચનમાં લીધુ.

પ્રમુખશ્રી સુમનભાઇએ તેમના કાર્યકાળ દરમ્યાન વાડીમાં થયેલ આવક બાબતે ચર્ચા કરી વાડીમાં ભોજન હોલમાં પંખાની સગવડ, સી.સી.ટી.વી કેમેરા તથા ભોજન હોલમાં કોટા સ્ટોનનું ફિટીંગ, સ્ટોરરૂમની ઉપર પતરાના શેડનું કામ કરાવ્યું તે બાબતે જણાવ્યુ અને સભાને તેમને ૩ વર્ષની મુદત પુરી થતી હોય સાથી હોદ્દેદારો સહિત સૌને ફારેગ કરી સભાના કાર્યકારી પ્રમુખ તરીકે વ્યારા નવિનભાઇ વી. પંચોલીની વરણી કરી. નવીનભાઇએ નવા હોદ્દેદારોની વરણી કરવા બાબતે જણાવ્યું કે સભાએ નીચે મુજબના હોદ્દેદારોની આગામી ૩ વર્ષ માટે વરણી કરી.

પ્રમુખ - શ્રી નિતિનભાઇ મોહનલાલ ગાંધી-વ્યારા
ઉપપ્રમુખ - શ્રી ભરતકુમાર ચંપકલાલ પંચોલી - વ્યારા
મંત્રી - શ્રી રાજેશભાઇ ધીરજલાલ પંચોલી - વ્યારા
સહમંત્રી - શ્રી હર્ષવદન પરસોત્તમભાઇ મિસ્ત્રી - વ્યારા

આમ નવા હોદ્દેદારોની નિમણૂક બાદ સુમનભાઇ મિસ્ત્રીએ તેઓને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી. અંતે સુંદર ભોજનને ન્યાય આપી છુટા પડયા..

### શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઈ

## બંધારણ

ધર્મશાળાનું નામ : શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની વાડી-ઉનાઇ

સરનામુ : ખંભાલીયા, તા. વાંસદા, જિ. નવસારી

હેતુ : (૧) સમસ્ત પંચોલી સમાજની વ્યકિતઓને વપરાશ માટે ધર્મશાળા આપવી તથા તથા ધર્મશાળાની મરામત, દેખરેખ માટે તથા વાડીના વહીવટી ખર્ચ માટે લાભાર્થી પાસે સામાન્ય અવેજ લઇ ધર્મશાળા વપરાશ માટે આપવી.

(૨) ધર્મશાળાના વિકાસ માટે દાન-ભેટ -સ્પોન્સરશીપ કે અન્ય રીતે મળતી મદદ સ્વીકારી શકશે તથા ધર્મશાળાના આર્થિક લાભાર્થે કાર્યક્રમનું આયોજન કરી શકશે.

ધર્મશાળાનું શીલ : ધર્મશાળા પોતાનું અલગ શીલ, સિક્કો બનાવી તેનો ઉપયોગ લેટરપેડ,

રસીદો તથા અન્ય સ્થળે ધર્મશાળાની ઓળખ માટે કરી શકશે.

ધર્મશાળાનું સંચાલન : (૧) ધર્મશાળાના સંચાલન માટે ઓછામાં ઓછા પાંચ(૫) અને વધુમાં વધુ નવ(૯) સભ્યોની નિમણૂંક કરી શકશે.

(૨) ધર્મશાળાના સંચાલનની સરળતા માટે વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટના સભ્યોમાંથી જ પસંદગી કરી શકાશે.

(૩) ધર્મશાળાના સંચાલન માટે પ્રમુખ - ઉપપ્રમુખ - મંત્રી તથા સહમંત્રી એમ ચાર હોદ્દેદારની નિમણૂંક સામાન્ય સભામાં કરવાની રહેશે. તથા જરૂર લાગ્યેથી ખજાનચીની નિમણૂંક કરી શકશે.

(૪) ધર્મશાળાના સંચાલનના હોદ્દેદારોનો કાર્યકાળનો સમય સામાન્ય રીતે ૩(ત્રણ) વર્ષનો રહેશે. પરંતુ સામાન્ય સભા જે મુદત નક્કી કરશે તે આખરી ગણાશે.

(૫) ધર્મશાળાના હોદ્દેદારો પૈકી કોઇ હોદ્દેદાર રાજીનામુ આપે અથવા અવસાન થાય તેવા સંજોગોમાં નવા હોદ્દેદારની નિમણૂંક સામાન્ય સભામાં કરી શકાશે.

(૬) ધર્મશાળાના હિતમાં જરૂરી મિલ્કત ખરીદી શકાશે તથા વેચાણ કરી શકાશે.

ધર્મશાળાના હોદ્દેદારોના અધિકાર અને ફરજો..

(૧) હિસાબી વર્ષ પુરૂ થયા બાદ સામાન્ય સભા બોલાવી હિસાબો સભા સમક્ષ રજુ કરવાના રહેશે.

(૨) ધર્મશાળાના હોદ્દેદારો ધર્મશાળાની મરામત માટે તથા અન્ય ખર્ચ માટે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ નિર્ણય કરી શકશે.

(૩) ખાસ સંજોગોમાં પ્રમુખશ્રી સામાન્ય સભા બોલાવી શકશે.

(૪) હોદ્દેદારો ધર્મશાળાની વહીવટી તેમન કાનુની કાર્યવાહી સંભાળશે.

બેંક તથા અન્ય નાણાંકીય વ્યવહારો

શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા ઉનાઇના નામથી ધર્મશાળાનું બેંક, પોસ્ટ ઓફિસ, મ્યુચ્યુઅલ ફંડ, બોન્ડ તથા રીઝર્વ બેન્કના નિયમ મુજબ રોકાણ કરવાનું તથા ખાતુ ખોલાવવાનું રહેશે. આ ખાતા માટે કે રોકાણ માટે હોદ્દેદારોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખ પૈકી એક તથા મંત્રી અને સહમંત્રી પૈકી એક એમ બંનેની સંયુકત સહીથી વહીવટ કરવાનો રહેશે.

બંધારણમાં સુધારો

ધર્મશાળાનું હિસાબી વર્ષ એપ્રિલ થી ૩૧મી માર્ચ રહેશે. અથવા સરકારશ્રીના વખતોવખતના નાણાંકીય વર્ષ પ્રમાણે કરવાનું રહેશે.

ધર્મશાળાની સામાન્ય સભામાં સમાજનો કોઇપણ વ્યકિત હાજર રહી શકશે અને પ્રમુખશ્રીની મંજુરી લઇ પોતાનું મંતવ્ય કે અભિપ્રાય આપી શકશે.

**શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ દ્વારા સંચાલિત**

**શ્રી યુવા મંચ આવિષ્કાર ગ્રુપ તથા શ્રી પંચોલી ભગીની સમાજ દ્વારા આયોજિત**

## અમૃત યોગા દિવસ કાર્યક્રમ



તા. ૩૦ જુન ૨૦૧૯ના રોજ સાંજે ૪ કલાકે 'અમૃત યોગા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આજના પ્રસંગના અમૃત યોગાના પ્રશિક્ષક હતા શ્રીમતિ કૃપા આશિષ પંચોલી. મીરારોડ મીની પાર્ટી હોલ ખાતે સાંજે ૪ કલાકે સમયાનુસાર સર્વે સભ્યો હાજર રહ્યા હતાં. પ્રથમ સૌનું સ્વાગત કરી રાષ્ટ્રગીતને માન આપી કાર્યક્રમની શરૂઆત કરી. શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી તેમજ મંત્રીશ્રી પરાગભાઇ નવિનભાઇ મિસ્ત્રીએ સંચાલનનો કાર્યભાર સંભાળ્યો. શ્રીમાન આશિષ હરીશભાઇ પંચોલી તેમજ શ્રીમતિ કૃપાબેન આશિષ પંચોલીને લઇને ભગીની સમાજના અધ્યક્ષા શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા તેમજ યુવા મંચના પ્રમુખ શ્રી હર્ષ ભાવિક

કાપડિયાએ મંચ પર સ્થાન ગ્રહણ કર્યુ. કૃપાબેન આશિષ પંચોલીએ પ્રાપ્ત કરેલ સિધ્ધિ પ્રમાણે તેમણે જુન ૨૦૧૮માં ૯૦૦ કલાકની યોગા પ્રશિક્ષક તરીકે ટ્રેઈનીંગ સફળતા પૂર્વક પૂર્ણ કરી અને યોગ પ્રશિક્ષક તરીકેની કામગીરી બજાવી એમનો પરિચય આપ્યો. તેમણે યોગા વિશે માહિતી, યોગાનું મહત્વ તેમજ તેના ઈતિહાસની જાણકારી આપી.

ગુજરાતી ગરબાના તાલે તેમણે વોર્મઅપ કસરતો કરાવી. ઓમકારનો નાદ કરીને યોગાના વિવિધ આસનોની શરૂઆત કરાવી. ઝીણી ઝીણી બાબતોની જાણકારી અને સુક્ષ્મ નિરિક્ષણ કરીને સૌને યોગ્ય માર્ગદર્શન આપી યોગા કરાવ્યા. આ સાથે જ ડાયાબીટીસ અને બી.પી. જેવી વિવિધ વ્યાધિ સાથે યોગા કેવી રીતે કરવા તેની જાણકારી આપી. સવાસન અને ધ્યાન કરી મેડિટેશન કરી અને યોગ કાર્યક્રમનું સમાપન કર્યુ.

આવો સુંદર કાર્યક્રમ કરવા અને માર્ગદર્શન કરી તેમની સેવાનો લાભ આપવા બદલ શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધીએ શ્રીમતિ કૃપા આશિષ પંચોલીનો આભાર વ્યકત કર્યો. આ પ્રસંગે સમાજના ૫૦ સભ્યોએ યોગાસન કર્યા હતાં. કમર, ઘૂંટણની તકલીફ હોય એવા સભ્યોએ ખુરશી પર બેસીને યોગા કર્યા હતાં. આમ ટોટલ ૮૦ વ્યકિતઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## અમૃત ફન એન્ડ ફેર કાર્નિવલ-૨૦૧૯





તા. ૩૦ જુન ૨૦૧૯ના રોજ સાંજે ૪ કલાકે 'અમૃત ફન એન્ડ ફેર'નું આયોજન સાંજે ૬ કલાકે કરવામાં આવ્યું હતું. રંગબેરંગી ફુગ્ગાઓથી સજાવેલ મીની પાર્ટી હોલ અને સેલ્ફી પોઈન્ટ વિવિધ પાર્ટી પ્રોપથી સજાવેલ હતો. આનંદમેળા નું વાતાવરણ ખૂબ જ રસભર હતું. કાર્યક્રમની શરૂઆત કુ. ઈશિકા રાહુલ મિસ્ત્રીના સંગીત નૃત્ય સાથે કરી. આ સાથે વિવિધ રમત-ગમતના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. યુવા મંચના સભ્યોએ સ્ટોલનો દોરીભાર સંભાળ્યો હતો. સ્ટોલ પરથી કુપન ખરીદીને રમતો રમવાની હતી. આ રમતોએ ખાસ્સુ આકર્ષણ જમાવ્યું હતું. રમતો જેવી કે 7up 7 Down, Shoot Baloons, Duck in the water, Black Jack, Toss the ball, Balancing Coin, Blind fold.

રમતોનો આનંદ માણતા કુ. ઈશિકા રાહુલ મિસ્ત્રી અને ચિ. ભાગ્ય દેવાંગ ગાંધીએ આર્મી સંગીત નૃત્યની રજુઆત કરી. ઉપપ્રમુખ વિશાલ કમલ કાપડિયાએ અમૃત ફંડની રજુઆત કરી. અમૃત વર્ષ દરમ્યાન આ ફંડની રકમ આર્મી ફંડ તેમન વિવિધ આશ્રમશાળાઓ, અનાથાશ્રમ તેમજ વૃધ્ધનશ્રમને આપવામાં આવશે. સૌએ પોતપોતાની રકમ અમૃત કળશમાં અર્પણ કરી હતી. અંતમાં લકી ડ્રો તેમન ગેમ્સના વિજેતાઓના નામ જાહેર કરી ઈનામ વિતરણ કરવામાં આવ્યું . લકી ડ્રોના વિજેતા પ્રથમ : કવિતા વિજય પંચોલી. દ્વિતીય કુ. કસક રાકેશ મિસ્ત્રી અને તૃતીય શ્રી જગદીશ ગોવિંદદાસ મિસ્ત્રી થયા હતા.

વિજેતા કુપન ગેમ્સાં સૌથી વધુ કુપન ધરાવનાર માટેના ઈનામો નીચે મુજબ હતાં.

પ્રથમ ઈશિકા રાહુલ મિસ્ત્રી, દ્વિતીય શ્રીમતિ સોનલ પરાગ મિસ્ત્રી અને તૃતીય કુ. નિતિ કેતન મિસ્ત્રી

ઈનામ વિતરણ બાદ મ્યુઝીક સાથે તાલ મીલાવી સૌએ નૃત્યનો આનંદ લીધો હતો.

અંતમાં પાણીપુરી, પાંઉભાજી, તવા પુલાવનો રસાસ્વાદ માણ. સૌ છુટા પડયા આ કાર્યક્રમમાં ૧૨૫ સભ્યોએ ભાગ લીધો હતો.




**એક સંદેશ વીરાને..**

**ર = રક્ષા કરજે વીરા તારા બહેનની**
**ક્ષા = ક્ષમા કરજે વીરા તારી બહેનને**
**બં = બંધનમાંથી મુકત કરજે વીરા તારી બહેનને**
**ધ = ધ્યાન રાખજે વીરા તારી બહેનનું**
**ન = ન ભુલતો વીરા તારી બહેનને**

## અમૃત પ્રવાસ-૨૦૧૯
## ઓવર નાઈટ પીકનિક ટુ 'એગ્રોફાર્મ-સગુણાબાગ'





યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા તા. ૬ અને ૭ જુલાઈના રોજ ઓવર નાઈટ પીકનિકનું આયોજન નેરલ સ્થિત 'એગ્રોફાર્મ સગુણાબાગ' ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૦ સભ્યોએ ભાગ લીધો હતો. ૨.૩૦ કલાકે સૌ દાદર સ્ટેશને ભેગા મળ્યા. ત્યારબાદ ટ્રેન દ્વારા નેરલ પહોચી બસ દ્વારા સગુણાબાગ પહોચ્યા. સાંજે ૫ વાગે બટાકા પૌઆ, ફરસાણ, આર્યુવેદિક ચા-કોફીને ન્યાય આપી તે દિવસની એકટીવીટી તરફ આગળ વધ્યા.

બાળકોએ હોર્સ રાઈડીંગની મઝા માણી. સૌ કોઇ ગાયનું દુધ દોહવા ગયા. પ્રેકટીકલી જાણકારી આપી અને સૌ કોઇએ અનુભવ કર્યો. વરસાદી માહોલ અને શુધ્ધ હવા તેમજ સર્વત્ર હરિયાળી અને વિવિધ ફળોના ઝાડો વિશે માહિતિ પ્રાપ્ત કરી ફાર્મ હાઉસ પહોંચ્યા. સાંજના સમયે ઓર્ગેનિક ફાર્મમાં ઉગાડેલ શાક અને બીજા પાકોથી બનાવેલ શુદ્ધ ભોજનની મજા માણી. રોટલી, બે જાતના શાક, દાળભાત, કોથમરીવડી અને સેવૈયા ખીરને ન્યાય આપી સૌ કોઇ રમત રમ્યા. રાત્રે ઉનો કાર્ડસ, ઝેંગા તેમજ ડમરોરાસ જેવી રમતો રમ્યા. તો બીજી તરફ હેડ મસાજ તેમજ ફુટ મસાજ તથા બોડી(ચેર) મસાજ લઇને હળવા ફુલ થયા. ગાઇડે આપેલ માહિતી મુજબ આસપાસના વિસ્તારોમાં ૫૦૦થી વધુ સાપોની વસ્તી હોવાથી રાત્રે બહાર જવાનું ટાળ્યું. મોડી રાતે રમતો રમી નિદ્રાદેવીને આધીન થયા.

રવિવારની સવારે નિત્યક્રમથી પરવારી સાઇકલીંગની મઝા લીધી. બહાર આવેલ હીંચકા પર ઢેલ આવીને ટહૂકા કરતી જોઇ. સવારે મહારાષ્ટ્રીયન નાસ્તો ઉસલપાંવ, ચા, ઉપમા ને ન્યાય આપ્યો. ફાર્મ હાઉસ આવેલ શાહમૃગ સાથે ફોટા પડાવ્યા.૧૦ કલાકે ખેતીની સફરે નીકળ્યા. ચોખાની ખેતી અને તેની પધ્ધતિ વિશે જાણ્યું. કોકમ, નીલગીરી, બ્રમ પ્લાન્ટ, લીંબુ, લીલી ચા, સાચા કમળો, કુમુદ(લીલી) આંબો, ફણસ વગેરે વૃક્ષો વિશે માહિતી મેળવી. વરસાદી માહોલમાં ફરવાની મઝા આવી. વિવિધ જાતીના કૂકડા, મરઘા અને પક્ષીઓ જોયા. માછલીની ખેતી અને તેને પકડવાની પધ્ધતિ વિશે જાણકારી પ્રાપ્ત કરી ગાઇડે વિવિધ માછલીઓ જેવી કે ગોલ્ડન ફીશ અને પીરહાના બતાવી અને તેમને ફરી પાછી તળાવમાં છોડવામાં આવી. આ એક અદ્ભુત અનુભવ હતો.

ત્યારબાદ પેડલ બોટીંગની મજા માણી. ત્યાંથી કાયા કીંગ ગયા. વરસતા વરસાદમાં એકલા હોડી હંકારવાની મઝા માણી. નાના બાળકો દ્વારા ભારતીય વિખ્યાત મલ્લખાંબ જોયા અને તેમનું પ્રદર્શન રોંચાચક હતું.

ત્યાંથી બફેલો રાઇડ કરી જેમાં પાણીમાં ભેંસ ઉપર બેસીને એક છેડેથી બીજા છેડે પહોંચવાનો અનુભવ લીધો. બપોરના જમણમાં રોટલી, પાલક પનીર, બાફેલા મકાઇ, ગુલાબજાંબુ, દાળ-ભાત, સલાડ, બટાકાનું શાકનો સ્વાદ લીધો. છાસ અને ગ્રીન ટી લીધા બાદ થોડીવાર આરામ કરી મેજીક શો જાયો અને વિવિધ સભ્યોએ મેજીશ્યન સાથે પ્રત્યક્ષ મેજીકનો અનુભવ કર્યો. આર્ચરી(તીર કમાન) એર રાઇફલ શુટીંગની મઝા માણી. બાળકોએ સેગ વે કર્યુ.

સાંજે લેમન ટી અને કોફીને ન્યાય આપી બસમાં બેસી નેરલ જવા રવાના થયા. ત્યાંથી ટ્રેન દ્વારા સૌ પોતપોતાના ઘર તરફ પ્રયાણ કર્યુ. પ્રથમવાર આવી પીકનિકનો આનંદ લીધો...

## પંચોલી સમાજ અમદાવાદ

તા. ૨૫.૦૬.૨૦૧૯ મંગળવારે ડો. વિનુભાઇ મ. પટેલ લિખીત 'યોગ અને સરળ યોગાસનો' પુસ્તિકાનું વિમોચન-લેખકના નિવાસ સ્થાને ચિત્રકાર શ્રી જય પંચોલીના વરદ હસ્તે થયું.

તા. ૦૨.૦૭.૨૦૧૯ મંગળવારે રાધનપુરના કલાકાર શ્રી ધરમ પરમારનાં ચિત્રોનું પ્રદર્શન ગુફા ગેલેરી-ગુજરાત યુનિવર્સિટી સામે યોજાયું ઉદ્ઘોષક શ્રી જય પંચોલી એ સંચાલન સુંદર રીતે કર્યુ.

તા. ૦૫.૦૭.૨૦૧૯ શુક્રવારે મિલ ઓનર્સ એસોસિએશન બિલ્ડીંગ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે આર્ટિસ્ટ-ચિત્રકાર સુશ્રી નિકિતા ભાવસારનાં 'ધ વુમન' શિર્ષક હેઠળ ચિત્ર પ્રદર્શન યોજાયું. અતિથિવિશેષ અને સભા સંચાલન કલાગુરૂ ચિત્રકાર શ્રી જય પંચોલીએ પ્રભાવપૂર્ણ રીતે રજૂ કર્યુ. કલાકારને અભિનંદન...

## પંચોલી સમાજ સંખેડા

સુધારો

રૂા. ૨,૦૦૧/- માલપુરના ચંદુભાઇ જીવરામભાઇ પટેલ તરફથી ચિ. રીતેશના લગ્ન પ્રસંગ નિમિત્તે.

રૂા. ૧,૧૧૧/- સંખેડા નિવાસી દીલીપભાઇ બાબુભાઇ પંચોલી તરફથી ચિ. દર્શનાના લગ્ન પ્રસંગ નિમિત્તે

પંચોલી સમાજ સંખેડાને ભેટ મળી.

## સ્વયં - અંકલેશ્વર

તા. ૦૪.૦૭.૨૦૧૯ના રોજ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રીના નિવાસ સ્થાને અંબે ગ્રીન સોસાયટી કોમન પ્લોટ ખાતે સ્વયં ગ્રુપના સભ્યોએ ભેગા મળી વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો તથા મહિલા મંડળ અંકલેશ્વરની સંયુક્ત મિટિંગમાં કેશગૂંફનની હરીફાઇ પણ રાખવામાં આવી હતી.. સૌ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો..અંતમાં અલ્પાહારને ન્યાય આપી તા. ૨૮.૦૭.૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે સ્વયં ગ્રુપની આકાંક્ષા-૩ માટેની મિટિંગ પારસભાઇ મિસ્ત્રીને ત્યાં રાખવાનું નક્કી કરી છુટા પડયા.

## પંચોલી સેવા મંડળ રાજપીપલા

રાજપીપલા સેવા મંડળ તથા ભગીની મંડળના ઉપક્રમે તા. ૨૨.૦૬.૨૦૧૦ના રોજ એક દિવસીય પ્રવાસ તથા સમૂહ ભોજન, તપોવન સાંઇ આશ્રમ, રામાનંદ શિવ મંદિર, રામ-લક્ષ્મણ સીતા અને હનુમાનજી મંદિર તથા પવિત્ર સલીલા ઉત્તરવાહિનીમા નર્મદા નદીના વહેતા નીરમાં રામાનંદ ગુવાર આશ્રમ કિનારે સમૂહ સ્નાન કરવામાં આવ્યું તથા સાથે લીધેલ સીધુ સામાનથી દેશી ચુલા પર મસાલેદાર ખીચડી, પાપડ અને છાસ તથા નયનાબેન દ્વારા લવાયેલ પાપડ પૌઆ-નાસ્તો તથા ભોજનની મીજબાની માણી.

પ્રવાસમાં ભોજન-નાસ્તાની વ્યવસ્થા માં ગોપાલભાઇ, નિખિલભાઇ, જયેશભાઇ, આશિષભાઇ તથા સર્વે બહેનોએ રસોઇ બનાવવામાં મહેનત કરી. આ પોગ્રામને સફળતા પૂર્વક પાર પાડવા બદલ સૌનો આભાર....

રાત્રે ચંદ્રનગર સો. ખાતે નિખિલભાઇ, ગાયત્રીબેન , પનસકાકાના ઘરે સૌ ભેગા મળ્યા. આ દિવસે નીતાબેન ગોપાલભાઇની બર્થડે હોય વિશ કરી શુભકામનાઓ પાઠવી.આઇસક્રીમ - ચોકોબારની મઝા માણી સૌ છુટા પડયા.

## સ્વર યુથ - વ્યારા



તા. ૨૦.૦૬.૨૦૧૯ના રવિવારના રોજ સ્વય યુથ વ્યારાના ૨૫ જેટલા સભ્યો 'ગામ તળાવ'માં ગેટ ટુ ગેધર માટે ભેગા થયા. વરસાદી માહોલની મજા માણી. પાસીંગ બોલ ગેમ રમ્યા. સમાજની જાણકારી અને વિવિધ ફની એકશન કરી. ગ્રુપને કેવી રીતે હજી સક્રીય બનાવવું એ અંગે ચર્ચા વિચારણા કરી અંતમાં નાસ્તો અને કોલ્ડ્રીક્સને ન્યાય આપી છુટા પડયા.

વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ પ્રેરીત સ્વર યુથ વ્યારા દ્વારા આયોજીત અલુણા વ્રત નિમિત્તે કેટવોક સ્પર્ધાનું આયોજન તા. ૨૧.૦૭.૨૦૧૯ના રોજ બપોરે ૩.૩૦ કલાકે પંચોલી સમાજની વાડીમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ જેટલા અલગ અલગ ઉંમરના યુવક-યુવતી અને બાળકોએ ભાગ લઇ સુંદર કેટવોક કર્યુ હતું. આ કાર્યક્રમમાં ૮૦ જેટલા જ્ઞાતિજનો હાજર રહ્યા હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે નિતલબેન શાહે સેવા આપી હતી. સ્પર્ધાના વિજેતાઓ નીચે મુજબ છે..

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

૧ થી ૪ વર્ષ : (૧) રૂહી એમ. મિસ્ત્રી, (૨) રૂહી જે. ગાંધી (૩) કાસ્થા જે. પંચોલી (૪) વિહાન ટી. મિસ્ત્રી
૫ થી ૧૦ વર્ષ : (૧) શુભ કે. પંચોલી (૨) દુર્વા આર. પંચોલી
૧૧ થી ૨૦ વર્ષ : (૧) હેત્વી એન. પંચોલી (૨) ઉર્જા આર. પંચોલી
૨૧ થી ૪૦ વર્ષ : (૧) બ્રિજેશ એસ. પંચોલી (૨) નિકકી એ. પંચોલી
સ્પર્ધા બાદ સૌએ આઇસક્રીમની મઝા માણી છુટા પડયા.

## સ્વયં - સુરત

સ્વયં સુરત દ્વારા સામાજિક કાર્યના ભાગ રૂપે ૧૫૦ ગરીબ લોકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. આ માટે સ્વયં સુરતના મેમ્બર્સોએ સ્વેચ્છાએ જેટલા રૂપિયા આપવા હોય એટલા નકકી કરવામાં આવ્યા. જેના થકી સ્વયં સુરતના સભ્યોએ રૂા. ૩૦૦૦/- ભેગા કર્યા. અને જેટલા સ્વયં



સુરત ભેગા કરે તેટલા રૂા. તેઓ આપશે. તે પ્રમાણેના વાયદા મુજબ રૂા. ૩૦૦૦ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીએ આપ્યા.

આમ કુલ રૂા. ૬૦૦૦/- માં ૧૫૦ વ્યકિત માટે છોલે પૂરી અને બિરયાની બનાવડાવી સ્વયં સુરતના મેમ્બર્સોએ આંતર રાષ્ટ્રીય સ્તરે ચાલતી સંસ્થા ‘રોબીન હૂડ આર્મી’ કે જેઓનો ધ્યેય દેશમાં કોઇ પણ માણસ ભૂખે ના સુએ એ છે. તેઓ સાથે મળીને સ્વયું સુરતના સભ્યોએ ૧૫૦ ગરીબોને ભોજન કરાવી એક સ્તુત્ય કાર્ય કર્યુ હતું.

# મહિલા સમાચાર

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

શ્રી પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૦૭.૦૭.૨૦૧૯ના રોજ બપોરે ૪.૦૦ કલાકે પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. જેમાં નવા વરાયેલા મંત્રી શ્રીમતિ પ્રિયંકાબેને સોને આવકાર્યા. પ્રમુખ શ્રીમતિ રીનલબેન દ્વારા પ્રાર્થના કરી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ઉપપ્રમુખ હેતલબેન દ્વારા સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવી જેમાં મનિષાબેન વિજેતા બન્યા. અલુણા નિમિત્તે નાની બાળકીઓ માટે વેશભુષાની સ્પર્ધા રાખવામાં આવી હતી અને ખાયણાં ગાવામાં આવ્યા હતાં. સ્પર્ધાના વિજેતા નંદની અંકિત પંચોલી અને તાન્યા જેનિષ પંચોલી થયા. અથાણાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ડોનિકા મિહિર મિસ્ત્રી અને રીનાબેન ધર્મેશભાઇ પંચોલી થયા.
નવી કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી.
પલકબેન ગૌરવભાઇ પંચોલી
પ્રવિણાબેન ભુપેન્દ્રભાઇ પંચોલી
સ્વરાબેન નૈષધભાઇ પંચોલી
નેહાબેન જેનિષભાઇ પંચોલી
ડોનિકાબેન મિહિરભાઇ મિસ્ત્રી
શીતલબેન મયૂરભાઇ પંચોલી
વયશ્રીબેન સનતભાઇ પંચોલી
યોગિતાબેન હેમંતભાઇ પંચોલી
મોનિલાબેન વિનયભાઇ પંચોલી
આજના દિવસે નીચે મુજબ દાન મળ્યુ.
રૂા. ૧૫૧/- અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર-પૌત્ર આરીના જનમ નિમિત્તે.
રૂા. ૨૧૧/- માલતીબેન રાજનભાઇ ગાંધી તરફથી દિકરી ને સીટીઝનશીપ મળ્યુ તથા. ગર્વમેન્ટ નોકરી મળી તે નિમિત્તે.
અંતમાં હેતલબેન દ્વારા અંતાક્ષરી રમાડવામાં આવી. ગરમાગરમ બટાકા પુરીને નચાચ આપી છુટા પડયા.

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૨૦૦ પુના નિવાસી શ્રીમતિ નિલમાબેન સંજયકુમાર પંચોલી તરફથી પુત્ર શૈલ એસ.એસ.સી.માં ઉત્તિર્ણ થયો તે નિમિત્તે

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વી મહિલા મંડળના તમામ સભ્યો તા. ૨૧.૦૬.૨૦૧૯ને શુક્રવારના રોજ બપોરના ૪.૦૦ કલાકે વિશ્વ યોગા દિનની ઉજવણી તેમજ લાયન્સ બ્લાઈન્ડ સ્કૂલની મુલાકાત લેવામાં આવી. દિવ્યાંગ બાળાઓને મળી તેમના ખબરઅંતર પુછી સમુહમાં પ્રાર્થના કરવામાં આવી.

તમામ દિવ્યાંગ બાળાઓને હર્ષાબેન તથા જ્યોતિબેન કે. તરફથી લંચબોક્ષ, જેસલબેન તરફથી દુધના ગ્લાસ, સુરેખાબેન તરફથી બે જોડી સોક્સ, આનંદીબેન અને શીલાબેન તરફથી બિસ્કીટના પેકેટ અને લીનાબેન તરફથી પાણીની બોટલ, જયમાલાબેન તરફથી સેવ-મમરાના પેકેટ અને નિકુંજબેન તરફથી સમોસાનો નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું.

તમામબાળાઓ સાથે યૌગિક ક્રિયાઓ કરી.. સંસ્થાના સંચાલકશ્રીએ તમામ બહેનોનો આભાર વ્યકત કર્યો. અંતમાં રાષ્ટ્રગીત ગાઇ છુટા પડયા.

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા જુન માસની મિટિંગ તા. ૦૯.૦૭.૨૦૧૯ને મંગળવારના રોજ સપનાબેન પંચોલીના નિવાસ સ્થાને બપોરે ૩.૩૦૦ કલાકે રાખવામાં આવી. હતી. સપનાબેને આઇસક્રીમથી સ્વાગત કર્યુ.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સમૂહમાં દત્તબાવની બોલ્યા. સમાજના દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરી મૌન પાળ્યું. આનંદીબેને ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યુ.

બર્થડે નિમિત્તે નિતાબેન એસ. તરફથી પર્ક ખવડાવવામાં આવી. જ્યોતિબેન એસ. તરફથી ઈન્ડિયન લાયન્સમાં ૨૫માં વર્ષની ઉજવણીમાં સેક્રેટરી માટેનું સન્માન મળવા બદલ સૌ બહેનોએ ચોકલેટ આપી મો મીઠું કરાવ્યું. નિતાબેન અને જયોતિબેનનો આભાર માનવામાં આવ્યો.

‘ગુરૂ પૂર્ણિમા નિમિત્તે દોઢ મિનિટનું વ્યકતવ્ય આપવાનું રાખ્યું જેમાં બધી બહેનોએ ગુરૂ પૂર્ણિમાનું મહત્વ સમજાવ્યુ. અને ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ...શ્લોક બોલી ગુરૂવંદના કરી જેમાં પ્રથમ વિજેતા જ્યોત્સનાબેન અને દ્વિતિય વિજેતા શીલાબેન થયા.

આજરોજ વાનગી સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં વર્ષાઋતુની સ્પેશ્યલ આઈટમ મકાઈમાંથી વિવિધ વાનગીઓ બનાવવાની હી. આ સ્પર્ધાના વિજેતા પ્રથમ આંદીબેન અને દ્વિતીય હર્ષાબેન થયા હતાં.

સપનાબેન વન મિનિટ ગેમ રમાડી ગેમના પ્રથમ વિજેતા નિકુંજબેન અને દ્વિતીય વિજેતા પ્રીતિબેન જે થયા.સૌ બહેનો હાઉસી રમ્યા.

ગુરૂ પૂર્ણિમા વકૃત્વના અને વાનગી સ્પર્ધાના વિજેતા બહેનોને સપનાબેન તથા સુરેખાબેન તરફથી ઈનામ આપવામાં આવ્યા.

સપનાબેન તરફથી સ્વાદિષ્ટ ગુલાબજાંબુ, પુરી, બટાકાવડા, પનીર પંજાબી શાક અને દાલફ્રાયનું ભોજન કરાવ્યું. સ્વાદિષ્ટ ભોજન અને સુંદર વ્યવસ્થા માટે સપનાબેન તેમન તેમના પરિવારનો સૌના વતી હર્ષાબેને આભાર માન્યો. અગામી મિટિંગ હર્ષાબેન જે. પંચોલીના ઘરે રાખવાનું નકકી કરી સૌ છુટા પડયા.



## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર



શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ તા. ૦૪.૭.૨૦૧૯ના રોજ બપોરે ૪.૦૦ કલાકે ખુશ્બુબેન વિસ્મયભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ગત મિટિંગના અહેવાલનું વાંચન મંત્રીશ્રીએ કર્યુ.

પ્રોજેક્ટ અનુસાર વૃક્ષારોપણ અને કેશ ગૂંફન હરીફાઇ રાખવામાં આવી હતી.

પ્રથમ બાગમાં વિવિધ વૃક્ષો વાવવામાં આવ્યા. ગૌરી વ્રત નિમિત્તે કેશગૂંફનની હરીફાઇ કરવામાં આવી. નિર્ણાયક તરીકે બ્યુટીશ્યન અંકિતાબેન ત્રીવેદીએ સેવા આપી. ખુશ્બુબેને તેમનો પરિચય આપ્યો. આ હરિફાઇના વિજેતા પ્રથમ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી અને દ્વિતીય નીતાબેન રાજેશભાઇ પંચોલી વિજેતા થયા.



અંકિતાબેનને ખુશ્બુબેન તરફથી સ્મૃતિભેટ પ્રમુખશ્રી સ્નેહાબેનના વરદ હસ્તે આપવામાં આવી. તથા હરિફાઇના વિજેતાઓને ઇનામો તથા ભાગ લેનાર તમામને આશ્વાસન ઇનામ મીરાબેન તફથી આપવામાં આવ્યા.

આજરોજ તેજસ્વી તારલાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા.

વડોદરા મહિલા મંડળની નિબંધ સ્પર્ધામાં અંકલેશ્વરના દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી બીજા નંબરે વિજેતા થયા તેમને ત્રણ તાળીનું માન આપવામાં આવ્યું. ખુશ્બુબેન તરફથી સૌને સરપ્રાઇઝ ગીફટ આપવામાં આવી. આગામી મિટિંગ અનુરાધાબેન-ચીકુવાડી ખાતે મહેંદી હરિફાઇ સાથે રાખવાનું નક્કી કરી અંતમા અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## આપણું ગૌરવ



લેસ્ટર યુ.કે. નિવાસી શ્રી પંકજભાઇ એ. પંચોલી વર્ષ ૨૦૧૯ના વર્ષનો નેશનલ એગ એન્ડ પોલ્ટ્રી એવોર્ડ-૨૦૧૯ પ્રાપ્ત કરી પંચોલી સમાજ યુકે. તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે...

પંકજભાઇને અભિનંદન સહ હાર્દિક શુભકામનાઓ....

Winner NATIONAL EGG & POULTRY AWARDS 2019 FOOD INNOVATION OF THE YEAR



વડોદરા નિવાસી જયોતિબેન સુભાષભાઇ પંચોલીનેઇન. લાયન્સ રજત જયંતિમાં પ્રવેશની ઉજવણી પ્રસંગે નેશનલ કો. ચેરપરશન આશાબેનના વરદ હસ્તે સેક્રેટરી તરીકેનું સન્માન સીલ્ડ આપી કરવામાં આવ્યું. જયોતિબેને વડોદરા સમાજ તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન આ



રાજપીપલા નિવાસી અને નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોર્મસ કોલેજના બી.સી.એના પ્રઘ્યાપક પ્રો. વિશાલ આર પંચોલીએ'Model Development and Data Enhancement Issue to Increase Cloud Security for E-Learning System using Cryptography" વિષય પરના મહાશોઘ નિબંઘને માન્યતા આપી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે...

ડો. વિશાલભાઇએ રાજપીપલા એકમ તથા સમગ્ર પંચોલી સમાજને ગૌરવ અપાવવા બદલ અભિનંદન...

## એક વાર જાવુ હરીના ધામમાં



મુંબઇ વિરાર નિવાસી ભાનુબેન ભુપેન્દ્રભાઇ મિસ્ત્રી તા.૦૪. ૦૭. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. : ૬૧



અંકલેશ્વર નિવાસી કુ. વૃશાલી નિલેશભાઇ મહેતા તા. ૧૦.૦૭. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૧૯



સુરત નિવાસી શ્રી ગૌરવભાઇ નવિનભાઇ ગજ્જર તા. ૧૮.૦૭. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૪૦

પ્રભુ સદ્દગતના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ
સમગ્ર પંચોલી સમાજની પ્રાર્થના

## દેવના દીધેલ



વ્યારા નિવાસી શ્રી કૃણાલકુમાર વિજયકુમાર પંચોલીને ત્યાં તા. ૧૧.૦૪.૨૦૧૯ના રોજ પુત્રીરત્ન 'ચિ. કેશ્વી' નો જન્મ થયો.
માતા : કૃતીબેન



સંખેડા નિવાસી શ્રી કૌશિકકુમાર અશોકભાઇ પંચોલીને ત્યાં તા. ૨૦.૦૬.૨૦૧૯ના રોજ પુત્રરત્ન 'ચિ. જીલ' નો જન્મ થયો.
માતા : તૃપ્તીબેન (પીન્નુ)

## પંચોલી સમાજ - વડોદરા

વડોદરા નિવાસી શ્રીમતિ કાજલ જયમીન પંચોલી તરફથી સુપુત્ર ચિ. કહાનની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૧૦૦૧ પંચોલી સમાજ વડોદારને વિધવા સહાય યોજનામાં ભેટ મળ્યા છે....
દાતાનો આભાર...............

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભભાઇ મપારા વડોદરા | શ્રી કમલેશભાઇ મણીલાલ પંચોલી વડોદરા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**